વિકલાંગો માટે ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૭/૦૩/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨.૦૫.૨૦૧૮નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૧.૦૧.૨૦૧૯નો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૨/૦૨/૨૦૧૯નો પત્ર નં. સસુખા/નવપ/૨૦૧૮-૧૯/૫૯.

આમુખ :-

વિકલાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના અંગે વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) પરના ઠરાવથી આપવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલા ક્રમાંકઃ (૨) પરના ઠરાવથી સહાયના ધોરણો અને ચુકવણીની પધ્ધતિનો સમાવેશ કરી વિગતવાર ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ (૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ના ઠરાવમાં સહાયના ધોરણો માટે જે શરતો નક્કી કરવામાં આવી છે તેની શરત નંબર ૪, શરત નંબર ૫, શરત નંબર ૭, શરત નંબર ૯(અ) અને ૯(ક) રદ કરવાની તથા અરજી મંજૂર/નામંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવેલ છે, એ બાબત રદ કરી ઠરાવની બાકીની શરતો યથાવત રાખી નવી ૫ શરતો ઉમેરવાની વંચાણે લીધેલા ક્રમાંકઃ (3) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબતે વંચાણે લીધેલ:(૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ના ઠરાવમાં સહાયના ધોરણો માટે જે શરતો નક્કી કરવામાં આવી છે તેની શરત નંબર ૪, શરત નંબર ૫, શરત નંબર ૭, શરત નંબર ૯(અ) અને ૯(ક) રદ કરવાની તથા અરજી મંજૂર/નામંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવે છે એ બાબત રદ કરી ઠરાવની બાકીની શરતો યથાવત રાખી નીચે મુજબની નવી ૫ શરતો ઉમેરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ યોજના માટે જાહેરાત પ્રસિધ્ધ કરી અરજીઓ મેળવી કાર્યવાહી કરવી.

(૨) આવેલ અરજીઓમાંથી કોમ્પ્યુટર ડ્રો મારફતે લાભાર્થીને પસંદ કરવામાં આવે.

(૩) રાજ્ય કક્ષાએ જે અરજીઓ મળી હોય તે જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી દ્વારા ચકાસણી કરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા લાભાર્થીને લાભ આપવાનો રહેશે.

(૪) આ ઈલેક્ટ્રીક સ્કુટરની ખરીદી રાજ્ય કક્ષાએ જેડા મારફત નક્કી થયેલ એજન્સી અને જેડાએ નક્કી કરેલ કીંમત પ્રમાણે કરવાની રહેશે.

(૫) આ યોજનાની ચુકવણી જે તે ડીલરને નિયામકશ્રી કચેરીથી કરવાની રહેશે.

ઉક્ત તા.૩૧.૦૧.૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની બાકીની તમામ શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૬/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.